**માનનીય અધ્યક્ષશ્રી,**

નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માંગુ છું .

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી એવું કહેતા કે સાચું ભારત ગામડાઓમાં વસે છે.

પરંતુ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ બજેટમાં ગામડા ઓની અને ખેડૂતોની ખૂબ અવગણના કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

332465 કરોડ ના આ બજેટમાંથી ગ્રામ વિકાસ વિભાગ ને માત્ર 12138 કરોડ જેટલી જ રકમ ફાળવવામાં આવી છે. જે ટોટલ બજેટ ના માત્ર 2.9% થાય છે. જ્યારે શહેરી વિકાસ વિભાગ ને 21696 કરોડ જેટલી રકમ ની ફાળવણી કરવામાં આવી છે. જે ટોટલ બજેટના 6.3% થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

**જે ગ્રામ વિકાસ વિભાગ ને ફાળવેલ બજેટ કરતાં બમણા થી પણ વધારે છે.**

**માનનીય અધ્યક્ષશ્રી**

ગુજરાત ની સરખામણીએ જો અન્ય રાજ્યો ની વાત કરીએ તો ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત ગતવર્ષે મણિપુર જેવા રાજ્યમાં ટોટલ બજેટના 16%, ઝારખંડમાં 13.6%, અને બિહાર જેવા પછાત રાજ્યમાં 10.6% જેટલા કુલ બજેટમાંથી ગ્રામ્ય વિકાસ વિભાગને ફાળવવા માં આવ્યા હતા.

**માનનીય અધ્યક્ષ શ્રી**

નેશનલ એવરેજ રેશિયો 5% જેટલો છે ત્યારે ગુજરાતમાં ગ્રામ વિકાસ વિભાગને માત્ર 2.9% બજેટમાં ફાળવીને ગુજરાતનાં ગામડાઓને ખૂબ જ અન્યાય કરવામાં આવ્યો છે. જે આ બજેટના ફાળવણી ઉપરથી સ્પષ્ટ થાય છે.

એવી જ રીતે

**માનનીય અધ્યક્ષશ્રી,**

જો કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની વાત કરીએ તો તેમાં પણ ગુજરાત ની સરખામણી એ અન્ય રાજ્યોમાં ખૂબ વધારે બજેટ ફાળવવા માં આવે છે. ગતવર્ષે છતીશગઢ જેવા પછાત રાજ્યમાં કુલ બજેટ ના 16.4%, અને તેલંગાણા માં 11.7% ની સરખામણીએ ગુજરાતમાં ગતવર્ષ કરતાં પણ ઓછું માત્ર 4% જ બજેટ જ ખેડૂતોને ફાળવવા માં આવ્યું છે.

ત્યારે

**માનનીય અધ્યક્ષશ્રી,**

હું ગર્વ સાથે કહીશ કે જ્યાં અમારી આમ આદમી પાર્ટીની સરકાર છે તેવા પંજાબમાં ખેડૂતો માટે કુલ બજેટના 10.2% બજેટ ફાળવવામાં આવ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

દર વર્ષે બજેટમાં ગામડાઓ અને ખેડૂતો સાથે અન્યાય થતો આવ્યો છે. જે સિલસિલો આ વખતે પણ યથાવત રહ્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

દુખની વાત એ છે કે 182 માંથી 139 જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓ ગ્રામ્ય વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતાં હોય ત્યારે બહુ ઓછા માનનીય સભ્યશ્રીઓએ  આ મુદે અવાજ ઉઠાવ્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બીજા બોલે કે ના બોલે પણ મને જે લોકોએ, જે વિસ્તારમાંથી અહી તેમનું પ્રતિનિધિત્વ કરવા મોકલ્યો છે તેમના હિત માટે હું તો બોલીશ જ કે આ બજેટ ગામડાઓ અને ખેડૂતો વિરોધી છે.

**માનનીય અધ્યક્ષ શ્રી,**

ગતવર્ષના રિવાઇઝ્ડ બજેટના આંકડાઓ જોતાં બહુ દુખ થાય કે ગતવર્ષે ગ્રામ વિકાસ વિભાગને જે બજેટ ફાળવવા માં આવ્યું હતું તેમાં પણ 14% જેટલી રકમ એટલે લગભગ 186 કરોડ રૂપિયા વણ વપરાયેલા છે.

**માનનીય અધ્યક્ષ શ્રી**

એવી જ રિતે ગતવર્ષના બજેટમાં એસ.સી., એસ.ટી., ઓ.બી. સી. અને લઘુમતીના કલ્યાણ માટે પણ 5422 કરોડ રૂપિયા ની જે જોગવાઇ કરવામાં આવી હતી તેમાં પણ 369 કરોડ રૂપિયા વણ વપરાયેલા છે.

**માનનીય અધ્યક્ષ શ્રી**

2015/16 થી લઈ અને 2021/22 સુધીના તમામ બજેટમાં નજર નાખીએ તો ધ્યાને આવે કે કેપિટલ આઉટ લે ઉપર દર વર્ષે 14% જેટલુ બજેટ વણ વપરાયેલું રહે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

14% જેટલું બજેટ વણ વપરાયેલું રહે છે તેનું એક માત્ર કારણ એ છે કે સમગ્ર રાજ્યમાં દરેક વિભાગમાં સ્ટાફ ની અછત છે. જેના લીધે ખાસ કરીને ગામડાઓમાં વિકાસના કામો સમયસર થઈ શકતા નથી અને સાથે સાથે ગુજરાતમાં શિક્ષિત બેરોજગારી પણ વધવા પામી છે. તાંત્રિક સ્ટાફ ઓછો હોવાના લીધે હાલ ગામડાઓમાં પણ સંખ્યાબંધ વિકાસ ના કામો પેન્ડિંગ પડ્યા છે. ત્યારે સરકાર માત્ર મોટા આંકડાઓ બતાવી વાહવાહી લૂટી રહી છે પરંતુ ખરા અર્થમાં જ્યાં વિકાસ ની જરૂર છે એવા ક્ષેત્રોમાં પરિસ્થિતિ ત્યાંને ત્યાં જ છે.